# પ્રાંતિજ સહિત તાલુકામાં મીની વાવાઝોડું ત્રાટક્યું





પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકા મા પણ વહેલી સવારે તેજ પવન સાથે મીની વાવાઝોડુ ત્રાટકતા અનેક જગ્યાએ નાના મોટા વૃક્ષો ધરાશાયી થયા હતા તો બાદમા વરસાદ પડયો હતો. હવામાન વિભાગ ની સોમવાર થી આગાહી ને લઈ ને રવિવાર ની વહેલી સવારે પ્રાંતિજ સહિત તાલુકામા વહેલી સવારથીજ તેજ પવન સાથે મીની વાવાઝોડુ ત્રાટકયુ હતુ જેમા પ્રાંતિજ સહિત તાલુકામા અનેક જગ્યાએ નાનામોટા વૃક્ષો પડવાની ઘટના સામે આવી હતી તો બજાર મા શોપીંગો મા લાગેલ બોર્ડ તથા હોર્ડિંગ બોડ પણ વાવાઝોડા ને લઈ ને ઉડયા હતા તો પ્રાંતિજ ના કાટવાડ ખાતે રોડ વચ્ચોવચ બાળવનુ ઝાડ પડતા વાહન ચાલકો સહિત ત્યાંથી અવરજવર કરતા લોકોને મુશ્કેલીઓ પડી હતી તો પ્રાંતિજ ના સલાલ ખાતે વિજળી પડતા પરમાર કાળાજી વજાજી ના ધર આગળ બાંધેલ પશુ ઉપર પડતાસપશુ નુ મોત નિપજયુ હતુ તો ભેસ નુ મોત નિપજતા પશુ માલિક કાળાજી પરમાર દ્વારા સરકાર દ્વારા સહાય મળે તેવી ગામજનો જણાવી રહ્યા છે તો વહેલી સવારથીજ મીની વાવાઝોડુ ફુકાતા રવિવાર ની રજા હોય ધરો મા સુતા રહીશો ની ઉંઘ ભગડી હતી અને લોકો જાગીગયા હતા અને ઘરોની બહાર નિકળ્યા હતા તો વાવાઝોડા બાદ થોડીવાર મા મોટા ફોરા સાથે વરસાદ પડતા વાતાવરણ મા ઠંડક પ્રસરી જવા પામી હતી અને અસહ્ય ગરમી ઉકળાટ થી લોકોને છુટકારો પણ મલ્યો હતો તો મગફળી , બાજરી , મકાઈ સહિત ના પાક ઉપર વરસાદી પાણી ફરી વળતા ધરતી પુત્રો મા નારાજગી જોવા મળી હતી તો માત્ર અડધો ઇંચ વરસાદ પડતાજ પ્રાંતિજ ના નીચાણવાળા વિસ્તારો મા પાણી ભરાયુ હતુ જેમા હરિઓમ પાર્ક સોસાયટી , માતૃછાયા સોસાયટી આગળ એપ્રોચરોડ સહિત જગ્યાએ પાણી ફરાયા તો પાણી ભરાતા પ્રાંતિજ નગરપાલિકા ના પ્રિમોન્સુન ની કામગીરી ની પોલ ખુલ્લી પડી હતી.

### રસ્તા ઉપર એકાએક ગાય આવતાં બચાવવા જતાં હાદસો સર્જાયો

# હિંમતનગર-શામળાજી હાઈવે ઉપર ગામડી ગામ નજીક કાર પલટતાં ૧નું મોત, ૪ને ગંભીર ઈજા પહોંચતાં અમદાવાદ ખસેડાયા

બાયડ, તા.૪

હિંમતનગર-શામળાજી હાઈવે ઉપર શનિવારે સવારે ગામડી નજીક કાર ઉંધી વળતાં પોગલું ગામના યુવાનનું મોત નિપજ્યું છે. જ્યારે ૪ જણને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. રસ્તા ઉપર એકાએક ગાય આવતાં હાદસો સર્જાયાનું મનાઈ રહ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર નેશનલ હાઈવે ઉપર એકાએક રોડ ઉપર પશુઓ આવી જવાના કારણે ગંભીર દુર્ઘટનાઓ સર્જાતી હોય છે. પ્રાંતિજ તાલુકાના પોગલુંના કેટલાક યુવાનો સ્વીફ્ટ કાર લઈને શામળાજી તરફ જઈ રહ્યા હતા ત્યારે એકાએક કોઈપણ કારણોસર કાર ગુલાંટ ખાઈને નજીકમાં આવેલી કેનાલ પાસે ખાબકી હતી. એક તબક્કે હાદસો સર્જાતાં મોતની કારમી ચીસો સંભળાઈ હતી. ઈજાગ્રસ્તોને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવરાજસિંહ અનુપસિંહ મકવાણા(રહે.પોગલું, તા.પ્રાંતિજ)નું મોત નિપજતાં ગામમાં માતમ છવાયો હતો. દુર્ઘટનાની જાણ થતાં ગાંભોઈ પોલીસ બનાવ સ્થળે પહોંચી હતી અને અકસ્માતનું કારણ જાણવાના પ્રયાસ શરુ કર્યા છે.



**કાર ૫૦ ફૂટ ઢસડાઈને કેનાલ નજીક ખાબકી**

અકસ્માત સર્જાયો ત્યારે ત્યાંથી પસાર થતા આશિષ પંડયાએ જણાવ્યું કે કાર ૫૦ ફૂટ સુધી ઢસડાઈને નજીકમાં આવેલી કેનાલ ઓળંગીને ડી.પી. પાસે ખાબકી હતી. એક તબક્કે એવું લાગતું હતું કે મુસાફરી કરી રહેલા પૈકી કોઈપણ બચ્યું નહીં હોય પરંતુ ૧ જણનું મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે. રસ્તા ઉપર ગાય આવી જતાં હાદસો બન્યાનું તેમને જાણવા મળ્યું હતું.

# પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પર ટ્રકની ટક્કરથી કમાલપુરના યુવાનનું મોત

**અકસ્માત સર્જી મોત નિપજાવી ટ્રક ચાલક ટ્રક મુકીને ભાગી ગયો : બાઇક ઉપર જઇ રહેલ યુવાનને ટ્રક ચાલકે ટક્કર મારતા યુવાનનું કમકમાટી ભર્યુ મોત : ટ્રકની ટક્કરથી બાઇક સાથે નીચે પટકાતા ટ્રકનુ ટાયર ફરી વળ્યુ : પરિવાર સહિત ગામમા શોકનું મોજુ ફરી વળ્યુ**

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના નેશનલ હાઈવેઆઠ ઉપર આવેલ મચ્છી કેન્દ્ર સામે ટ્રક ની ટક્કર થી બાઈક ઉપર ધરે જઈ રહેલ કમાલપુર ના યુવાન નુ મોત નિપજયુ હતુ. હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવેઆઠ પ્રાંતિજ ના મચ્છી કેન્દ્ર સામે રાત્રીના ૧૧ કલાકે કમાલપુર ખાતે રહેતો યુવાન પોતાનુ બાઈક લઈ ને બાઈક ઉપર ધરે જઈ રહ્યો હતો તે સમયે હિંમતનગર તરફ થી ટ્રક નંબર ઈન્ન૦૧ય્છ ૯૩૧૭ નો ચાલક પોતાની કબજાની ટ્રક પુરઝડપે ગફલતભરી અને બેદરકારી રીતે હંકારી લાવી આગળ બાઈક ઉપર જઈ રહેલ ઉત્તમ ભાઈ કાલિદાસ ભાઈ પટેલ ને ટક્કર મારતા બાઈક ચાલક ઉત્તમ ભાઈ બાઈક સાથે નીચે પટકાયા હતા તો ટ્રક નુ આગળનુ ટાયર ભરી વળ્યુ હતુ જેમા બાઈક ચાલક ને શરીરે ગંભીર ઈજાઓ પોહચી હતી તો અકસ્માત ને લઈ ને લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ પણ તાત્કાલિક દોડી આવતા ઈજાગ્રસ્ત બાઈક ચાલક ને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામા આવ્યો પણ હાજર તબીબી દ્વારા મૃત જાહેર કર્યો તો ટ્રક ચાલક અકસ્માત સર્જી અકસ્માત મા યુવાન નુ મોત નિપજાવી પોતાની ટ્રક મુકીને ધટના સ્થળે થી ભાગીગયો હતો તો અકસ્માત મા યુવાન ના મોત ને લઈ ને પરિવાર સહિત ગામમા શોક નુ મોજુ ફરી વળ્યુ હતુ તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા નારણભાઈ કનુભાઈ પટેલ રહે.પોગલુ મુળ રહે કમાલપુર દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ટ્રક મુકીને ભાગેલ ટ્રક ચાલક વિરૂધ્ધ આઈપીસીકલમ ૨૭૯,૩૦૪છ તથા મોટર વાહન અધિનિયમ-૧૭૭ , ૧૮૪,૧૩૪(હ્વ) મુજબ ગુનો નોધી આગળની કાયદેસર ની તપાસ હાથ ધરી હતી



# શામળાજી પોલીસે ઈનોવામાંથી મોંઘીદાટ ૩૬ બોટલ દારૂ ઝડપ્યો

**બાઈક પર દારૂની ખેપ નિષ્ફળ બનાવી ચાર બુટલેગરને દબોચ્યા**

મોડાસા,તા. ૪

અરવલ્લી જીલ્લાની રતનપુર ચેકપોસ્ટ પરથી બુટલેગરો નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ ગાંધીના ગુજરાતમાં ઠાલવવા સતત પ્રયત્નીશીલ રહે છે શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી ઈનોવા કાર અને બાઈક પર દારૂની ખેપ મારી રહેલા ચાર બુટલેગરોને ઝડપી પાડી ૯૦ હજાર જેટલો વિદેશી દારૂ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ઈનોવા કારમાં રેડ લેબલ કંપનીની મોંઘીદાટ શરાબની ૩૬ બોટલ જપ્ત કરી હતી. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતા શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી ઈનોવા કારને અટકાવી તલાસી ઈનોવા કારમાં શીટ નીચે બનાવેલ ગુપ્ત ખાનામાંથી રેડ લેબલ કંપનીની વિદેશી દારૂની બોટલ નંગ-૩૬ કીં.રૂ ૬૪૬૨૦/-નો જથ્થો જપ્ત કરી સુરતની મુક્તિધામ સોસાયટીમાં રહેતા હરિસિંહ માનસિંહ સીસોદીયા અને નરેન્દ્રસિંહ શંકરસિંહ સિસોદીયાને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ રૂ.૬.૬૬ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અન્ય એક બાઈક પર દારૂની ખેપ મારતા રાજસ્થાન ઉદેપુરના કૈલાશ રામલાલ ડાંગી અને સુરેશ ભેરુમલ ડાંગીને રૂ.૨૫ હજારથી વધુના વિદેશી દારૂ અને બાઈક મોબાઈલ મળી ૩૬ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ચારે બુટલેગરો અને વિદેશી દારૂના ઠેકવાળા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



### ૬ પોલીસ સ્ટેશનની હદમાં દારુનું સામ્રાજ્ય ઝડપાયું

# સાબરકાંઠામાં દારુનો વેપલો કરતા ૨ બુટલેગરોને પાસા હેઠળ જેલમાં ધકેલાયા

**પોલીસની સન્નાઈ વધી, આરોપીઓમાં ફફડાટ વ્યાપ્યો**

બાયડ, તા.૪

સાબરકાંઠા પોલીસે દારુનો વેપલો કરતા ૨ બુટલેગરોને પાસા હેઠળ જેલમાં ધકેલવાની જિલ્લા કલેક્ટરને દરખાસ્ત કરી જેને મંજૂર રખાતાં બુટલેગરોને પોરબંદર અને સુરતની લાજપોર જેલમાં મોકલી અપાયા છે. હિંમતનગર અને રાજસ્થાનના નામચીન બુટલેગરોએ પાછલા વર્ષો દરમ્યાન વલસાડ, ઉંઝા સહિત સાબરકાંઠા જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોની હદમાં દારુનું સામ્રાજ્ય સ્થાપ્યું હોય તેમ પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયા હતા. મળતી જાણકારી અનુસાર સાબરકાંઠા પોલીસ વડા વિશાલ વાઘેલાએ જિલ્લાના કોઈપણ ખૂણે દારુ સહિતની અસામાજીક પ્રવૃત્તિ બંધ કરવા માટે એલ.સી.બી. પી.આઈ., એ.જી.રાઠોડને સૂચનાઓ આપી હતી જે મુજબ રાજસ્થાનમાંથી વિદેશી દારુ લાવી ગુજરાતમાં ઘુસાડી જિલ્લા તેમજ અન્ય જિલ્લાની હદમાં દારુ પહોંચાડનારા નામચીન બુટલેગરો સામે પોલીસે સન્નાઈ દાખવી હતી. હિંમતનગરની ગાયત્રીધામ સોસાયટી વિસ્તારમાં રહેતો ધવલ સુમનલાલ જયસ્વાલ વિદેશી દારુની ઘૂસણખોરીમાં સંડોવાયેલો હતો અને પ્રાંતિજ તેમજ ગાંભોઈ પોલીસ સ્ટેશનની હદમાં અન્ય ૩ પ્રોહીબીશનના ગુનામાં તેની સંડોવણી જણાઈ આવી હતી. જેથી તેની સામે પાસા કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી જે મંજૂર થતાં એલ.સી.બી.એ ધવલ જયસ્વાલની પાસા હેઠળ અટકાયત કરી પોરબંદર જેલમાં મોકલી આપ્યો છે. જ્યારે અન્ય આરોપી દેવીલાલ ઘેરીલાલજી ડાંગી(રહે.રખિયાવલ, હનુમાન મંદિર પાસે, તા.માવલી, જિ.ઉદેપુર-રાજસ્થાન) સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદે દારુની હેરાફેરીમાં સંડોવાયેલો હતો અને તેની વિરુદ્ધ વલસાડ જિલ્લાના પારડી, મહેસાણા જિલ્લાના ઉંઝા, ખેડા જિલ્લાના માતર અને સાબરકાંઠા જિલ્લાના પોશીના તેમજ ખેરોજ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ મુજબ ગુના નોંધાયા હતા જેથી તેની સામે પણ પાસાની દરખાસ્ત મંજૂર થતાં પોલીસે તેની અટકાયત કરી સુરતના લાજપોરની મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો છે. જિલ્લામાં પાસા હેઠળ વધુ ૨ આરોપીઓની અટકાયત થતાં અસામાજીક તત્વોમાં પોલીસની કડકાઈથી ફફડાટ જોવા મળી રહ્યો છે.



# ૬૦ લાખથી વધુનો ધુમાડો કરીને બાંધવામાં આવેલ ૬ લાખ લિટરની પાણીની ટાંકી લીકેજ..!!

તલોદ તા. ૪

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર ખાતે દેસાઈ નગર વિસ્તારમાં કોલેજ રોડ ઉપર તાજેતરમાંજ નગરપાલિકા દ્વારા નિર્માણ પામેલ ઓવર હેડ પાણીની વિશાળકાય ટાંકી ઠેર..ઠેર થી લીકેજ થતી હોવાની ઘટના એ આસપાસ ના રહીશો,વ્યવસાય કારો અને રાહદારીઓ ની પણ ચિંતા માં ભારે વધારો કરીને નગરની ઉંઘ ઉડાડી દીધી છે.રૂ.૬૦ લાખ ૭૪ હજાર જેટલી માતબર રકમનો ધુમાડો આ ટાંકી ના બાંધકામ પાછળ કરવામાં આવ્યો છે..! .૬ લાખ લીટર ની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા વાળી આ ટાંકી ના બાંધકામ ની ભીતર માં એવું તો શું રંધાયું છે કે,૬૦ લાખ થી વધુ નો થયેલ ખર્ચ આજે પાણી માં ગયો હોય તેવી દુર્દશા થવા પામી છે...??? આવા સવાલો સાથે આ ગંભીર સમસ્યા બાબતે ઉચ્ચસ્તરીય તપાસ થાય અને પ્રજાના નાણાં નાહકના વેડફાઈ ના જાય તે માટે સરકાર તાકીદે યોગ્ય કરે તેવી લોક લાગણી બુલંદ બની છે.

ઉલ્લેખનીય છે કે, તલોદ નગર વિસ્તારમાં ૬ લાખ લીટર પાણીના સંગ્રહ કરવાની ક્ષમતા વાળી ૨ ઓવરહેડ ટાંકી ના નિર્માણ માટે પણ સરકારે મનોરંજન કર,વ્યવસાય વેરા જમીન મહેસુલ ગ્રાન્ટ તથા ૧૪ માં નાણાં પંચ ગ્રાન્ટ માંથી ખર્ચ કરવા મંજૂરી આપી હતી.જે પૈકીની એક ટાંકી કે ૦જે ટાવર બાજુ રેલવે ફાટક પાસે નિર્માણ કરવામાં આવી છે. જે તા.૧૩/૧૦/૨૨ ના રોજ લોકાર્પણ કરવામાં આવી હતી.જ્યારે બીજી આ વિવાદ ના વંટોળે ચઢેલી ટાંકી તલોદ કોલેજ રોડ ઉપર દેસાઈ નગર સોસા.વિસ્તાર માં નિર્માણ કરવામાં આવી છે. જેનું લોકાર્પણ ગત ફેબ્રુઆરી માસ માં જ કરવામાં આવ્યું હતું. જેને પાણી થી હજુ થોડા દિવસ પહેલાં જ ભરવાનું શરુઆત કરવામાં આવી હતી. જેના થકી નગરની અનેક સોસાયટી વિસ્તારોમાં પર્યાપ્ત માત્રામાં પાણી પુરવઠો પહોંચાડવાનું એક સપનું હતું...!

તલોદ નગર ના શ્રી અંબાજી માતાજી ના ચોકમાં આવેલ માણેકલાલ શેઠ ની પોળ થી માંડીને મઠ વિસ્તાર સુધી માં આવેલી સર્વોદય, દેસાઈનગર,લક્ષ્મીકુંજ,સન્માન, નંદનવન,કૃષ્ણ કુંજ, શિવમ,નિજાનંદ, ગિરિરાજ, મહાવીર, સુપાર્શ્વનાથ જેવી સોસાયટી ઓ તથા બળીયાદેવ વિસ્તાર અને જૂની સિનેમા આસપાસના વિસ્તાર સહિત ના અનેક વિસ્તાર ની લાંબા સમય ગાળા થી પાણી પુરવઠા ની કથળેલી સ્થિતિ ને પહોંચી વળવા માટે બનાવવામાં આવેલ આ ટાંકી તાજેતરમાં પાણીથી ભરવામાં આવી ત્યારે , તેનું દ્રશ્ય જોઈને લોકો ભારે વ્યથિત બનીને અચંબા માં ધકેલાઈ ગયા હતા... કારણ રોડ ટચ ભરચક વસ્તી વચ્ચે આવેલ જૂની જર્જરિત અને જોખમી ટાંકી ને સ્થાને તાજેતર માંજ નવી બનાવવા માં આવેલ ટાંકી પણ જર્જરિત અને જોખમી કેમ ?? તે અને તેવા અનેક સવાલો અનેક જગ્યાએ થી લિક થતી આ ટાંકી ની ઘટના ની ભીતર માં ઉભા થયા છે. જેમાંથી પાણી નીકળ્યા કરતું હોવાથી ટાંકી ના બાંધકામ માં ભારે ગેરરીતિ ઓ થઈ હોવાની અને ટાંકી ના બાંધકામ માં હલકી ગુણવત્તા યુક્ત મટેરીયલ વાપર્યું હશે કે શું ??? કે તેથી આ સમસ્યા પેદા થઈ હશે ?? તેવા અનેક પ્રકાર ની આશંકા ઓ સહજ ભાવે નગરજનો ના દિલ દિમાગ માં ઉદભવી છે. આમ થતાં લોકો ને મન એક દહેશત પણ ઉદભવી છે કે, જો આ ટાંકી માં બાકોરું પડશે કે,ક્યાંક થી જો ટાંકી ફાટશે તો, આ વિસ્તારમાં જળપ્રલય જેવી પરિસ્થિતિ પેદા થશે. હજારો/ લાખો લિટર પાણી ના વેગ ને કેમ કરીને રોકી શકાશે ??? દુર્ભાગ્યે પણ જો તેવી હાલત થાય તો ભારે તારાજી થવાની સંભાવના સેવાઈ રહી છે.



# ધાનેરાના સરાલ ગામે તળાવ ખોદી ૬૦ લાખની માટીનું બારોબારીયુ કરતા તપાસ શરૂ

**પ્રાથમિક શાળાના ગેટ સામે જ ડેમ જેવુ ખોદી દેવામાં આવ્યુ તળાવ**

ધાનેરા તા.૪

બનાસકાંઠા જિલ્લાની આંતર રાજ્ય સરહદે આવેલા ધાનેરા તાલુકાના પંથક વિવિધ તળાવ ઊંડા કરવાની કામગીરીમાં વ્યાપક ભ્રષ્ટાચાર ની અનેક ફરિયાદોથી ખલભલાટ મચી જવા પામ્યો છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરા ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, તળાવથી માત્ર ૫૦ મીટરના અંતરે શાળાનો મુખ્ય દરવાજો આવેલ છે છતાં માટી વેચવાની લહાયમાં તળાવને ડેમ બનાવી દેવામાં આવ્યો છે. સરાલ ગામે સર્વે નં-૬૬૨/૧ માં તળાવ ઉંડુ પાડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી અને તે કામગીરી માં માપ કરતાં વધારે તળાવ ખોદી સાઇડના સ્લેબ પણ તોડીને તળાવના બદલે ડેમ બનાવી દેવામાં આવતા કામ બંધ કરાવી કલેકટરમાં રજુઆત કરતાં ખાણખનીજ દ્વારા તપાસના ઘમઘમાટ શરૂ થવા પામ્યો છે. ધાનેરા તાલુકાના સરાલ ગામે સર્વે નં-૬૬૨/૧ માં આવેલ તળાવ ઉંડુ કરવાની કામગીરી બનાસડેરી દ્વારા કરવામાં આવેલ અને તેમણે પાળની નિચે સ્લેબ બનાવી સુંદર તળાવ નું નિર્માણ કર્યુ હતુ.પરંતુ ફરીથી તેને ઉંડુ કરવા માટે સિંચાઇ વિભાગ દ્વારા લોક ભાગીદારી થી એક ટ્રસ્ટને સોપવામાં આવી હતી. અને આ તળાવમાંથી ૧૨૫૦૦ સી.એમ.ટી માટી કાઢવાની હતી પરંતુ આ ટ્રસ્ટ દ્વારા જે ઈસમને ખોદકામની કામગીરી સોપવામાં આવેલ તેણે માટી વેચવાની શરૂઆત કરેલ અને માટી ના ઓર્ડર વધતાં તેણે તળાવ બનાવવાના બદલે ડેમ બનાવવા લાગેલ જેથી ગ્રામજનો સિંચાઈ વિભાગને જાણ કરતાં સિંચાઇ વિભાગે ૨૨ મે ના રોજ આ કામગીરી બંધ કરાવી હતી. પરંતુ આ તળાવ ખોદનાર ઈસમ અને ગામના ચાર પાંચ વચેટીયાઓ ભેગા મળી ગેરકાયદેસર તળાવ ખોદવાની શરૂઆત કરવામાં આવતા ગ્રામજનો દ્વારા મંગળવારે ભુસ્તર વિભાગને જાણ કરવામાં આવતા ભુસ્તરના અધીકારી જીગર ઠક્કર પોતાની ટીમ સાથે આવે તે પહેલા તળાવ ખોદકામ કરતા ઈસમ ને જાણ કરતાં હિટાચી મશીન સિવાય તમામ વાહનો બહાર કરાવી દેવામાં આવ્યા હતા અને ગામના ચાર પાંચ વચેટીયાઓને બોલાવી તેમના નિવેદનો લઈને કોઈપણ કાર્યવાહી કર્યા વગર પરત ફર્યા હતા તેમજ અરજદાર નું પણ નિવેદન લેવામાં આવ્યુ ન હોવાથી અરજદારો દ્વારા આ બાબતે મુખ્યમંત્રી ઓનલાઈનમાં તેમજ કલેકટર અને ભુસ્તર વિભાગ માં તળાવ ખોદાવનાર ઈસમ સામે ફરીયાદ આપતા ફરીથી આ માટી નું ગેરકાયદેસર ખોદકામ કર્યા બાબતે તપાસનો ઘમધમાટ થવા પામ્યો છે અને ખાણ ખનીજ વિભાગ ના અધિકારીઓ દ્વારા સરાલ ગામે તળાવ અને તળાવ માંથી જે જગ્યાએ માટી નાખવામાં આવી હતી ત્યાં તપાસ કરી ઑનલાઈન ટેપિંગ કરી ફોટો ગ્રાફી કરીને અરજદાર ના નિવેદન લઈ ને આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.



# પ્રાંતિજ ખાતે મોબાઈલમાં ફોટો તથા વિડીયો શુટીંગ લેતા ઈસમને મારમાર્યો

પ્રાંતિજ તા૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે એક યુવાન દ્વારા પોતાના મોબાઈલ માં ફોટો તથા વિડીયો શુટીંગ લેતા મા-બહેન સામે યુવાન ને ગાળો -બોલી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે રહેતા મુખ્તાર એહમદ ફેઝઆલમ દાણાવાળા કે જેવો પોતાની પત્ની ને પિયર ખાતે મૂકીને પરત ફરતા હતા તે સમયે રસ્તા મા તેમની જમીન આવતા જમીન ની બાજુમા ખોદકામ થતુ હોય જેથી ખોદકામ ના ફોટા વિડીયો ઉતારતા હતા તે સમયે ખોદકામ કરાવતા હતા તે અબ્દુલ સત્તાર અબ્દુલ ગફાર કેળાવાલા એ મુખ્તાર અહેમદ ને બુમ પાડીને કીધુ કે તુ ત્યાં ઉભો રહે હુ આવુ છુ અને તેમ કહી તે અબ્દુલ સત્તાર દ્વારા નજીક જઈ ને ગાળો બોલવા લાગેલ જેથી મુખ્તાર અહેમદ દ્વારા ગાળો બોલવાની ના પાડતા વધારે ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલ અને તેવામા સંતારભાઈ ના બનેવી મહમદ સલીમ સાબીરભાઈ દુધવાલા તે પણ ત્યા આવી મુખ્તાર એહમદ ને મા-બહેન સામે ગાળો બોલવા લાગેલ અને મુખ્તાર એહમદ ને પકડી ને મોઢાના ભાગે તથા માથાના ભાગે ફેટ મારવા લાગેલ અને કહેતો હતો કે આ જગ્યાએ ઉપર તમારે આવવુ નહી અને જો આવશો તો તને તથા તારા પિતા ને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપતા હોય તેથી નજીકમાંથી ઈમરાન અબ્દુલ હકીમ મુન્શી દોડીઆવીને મુખ્તાર એહમદ ને વધુ મારમાથી છોડાવ્યા અને તેવોના પિતાને ફોન કરતા તેવો ભાઈ સ્થળ ઉપર દોડી આવી મુખ્તાર એહમદ ને સારવાર અર્થે પ્રાંતિજ સિવિલ ખાતે લઈ જવામા આવ્યા હતા અને સારવાર બાદ મુખ્તાર અહેમદ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અબ્દુલસત્તાર અબ્દુલગફાર કેલાવાલા તથા સમીલ સાબિરભાઈ દુધવાલા બન્ને રહે પ્રાંતિજ તા.પ્રાંતિજ જિ સાબરકાંઠા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨)૧૧૪ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

### અરવલ્લી : સોનાના દોરા તોડતી મહિલા ગેંગ ઝડપાઇ

# શામળાજી પૂનમના મેળામાં મહિલાનો અછોડો તોડતા લોકોએ રંગે હાથે ઝડપી મેથીપાક

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં પૂનમના દિવસે હજ્જારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન કાળીયા ઠાકોરના દર્શનાર્થે ઉમટે છે પૂનમના મેળામાં માનવ મહેરામણ ઉમટી પડતા બજારમાં ભારે ભીડ ઉમટે છે ભક્તોની ભીડનો લાભ ઉઠાવી પાકીટમાર અને સોના ચાંદીના તફડાવતી ગેંગ સક્રિય બની કરામત કરી ફરાર થઈ જતી હોય છે. શામળાજી પુનમના મેળામાં બજારમાં ખરીદી કરતી મહિલાની સોનાની ચેન તૂટતાં બુમાબુમ કરતા ચોરી કરનાર મહિલા ગેંગને લોકોએ ઝડપી પાડી શામળાજી પોલીસને સોંપી દીધી હતી મહિલાની સતર્કતાથી ચેઈન સ્નેચિંગ કરતી ગેંગની ત્રણ મહિલા ઝડપાતા અન્ય મહિલાઓ ચોરીનો ભોગ બનતા બચી ગઈ હતી. શામળાજી પોલીસના હાથે અનેક મહિલા ગેંગ અને પોકીટમાર ઝડપાઈ ચુકી છે રવિવારે પૂનમના દિવસે સોનાના અછોડા તોડતી ગેંગની ત્રણ મહિલાએ સવારથી શામળાજી બજારમાં પડાવ નાખી શિકારની શોધ કરી રહી હતી બજારમાં ખરીદી કરતી મહિલાના ગળામાં પહેરેલ સોનાની ચેન એક મહિલા ચેઈન સ્નેચરે સરકવતા મહિલાએ બુમાબુમ કરી મુકતા ચેનની તફડંચી કરનાર મહિલા તેની બે સાગરીત મહિલાઓ સાથે ભાગતા લોકોએ ઝડપી પાડી મેથીપાક આપી શામળાજી પોલીસને સુપ્રત કરતા શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.



# પાલનપુર માલણ દરવાજા ડમ્પીંગ સાઈટ પર કચરો રોડ પરના આવે તે માટે સંરક્ષણ દીવાલ બનાવવાની કામગીરી

પાલનપુર તા.૪

પાલનપુર માલણ દરવાજા ડમ્પીંગ સાઈડની આગળ ૪૮ લાખના ખર્ચે અઢીસો મીટર લાંબી સંરક્ષણ દિવાલનું કામ પાછલા કેટલાક દિવસોથી ચાલી રહ્યું છે. સંરક્ષણ દિવાલ બનવાથી અત્યાર સુધી રોડ ઉપર જે કચરો આવી જતો હતો તે કચરો રોડ ઉપર નહીં આવે અને વાહન ચાલકો આ રસ્તાનો ઉપયોગ કરી શકશે. ઉપરાંત કેટલાક લોકો રાત્રિના સમયે આવીને મૃત પશુઓ ફેંકી જતા હતા તેની ઉપર પણ રોક આવશે. હાલમાં ડમ્પિંગ સાઈટ પર જુનો કચરો અલગ કરી તેમાંથી માટી અલગ કરવાની કામગીરી ચાલી રહી છે જેના લીધે ૫૦૦ ટનથી વધુ કચરો ઓછો થઈ ગયો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, સંરક્ષણ દિવાલનું કામ ચોમાસા પહેલા પૂર્ણ કરવાની માંગ ઉઠી છે. સ્થાનિકોએ જણાવ્યું કે "ચોમાસાના સમયમાં ડમ્પીંગ સાઈડથી રાજીવ આવાસ વચ્ચેની નીચાણવાળી જગ્યામાં અવારનવાર પાણી ભરાય છે. ત્યારે તેનો નિકાલ પણ પાલિકાએ કરવો જોઈએ જેથી અહીં અવરજવર કરતા વાહન ચાલકોને મુશ્કેલી ન પડે."

